બનામે ખુદા

ધી ન્યૂ ઈમ્પીરિયલ નાટક મંડળી.

ઝાંસીકી રાની

નાટકનો ટૂંક સાર તથા ગાયનો.

ડાયરેક્ટર—હોરાબજી એ. મેવાવાલા.

લેખક—

મુન્શી-"માઇલ"

છપાવી પ્રસિદ્ધ કરનાર—

નાટક મંડળીના માલેકો.

આવૃત્તી બીજી, પ્રત ૫૦૦૦.

મુંબઈ

૧૯૨૪.

કિંમત ...

નાટક પહેલાંનો ઇતિહાસઃ—

રાણી લક્ષ્મીબાઇનો જન્મ પુણ્યધામ કાશીમાં ઇ સ ૧૮૩૬ ના નવેમ્બર મહિનાની તા. ૧૯ મીએ થયો હતો તેના પૂર્વજો મૂળ તો કૃષ્ણાનદીને તીરે આવેલા વાઇ ગામના વતની હતા પરતુ તેના બાપના દાદા કૃષ્ણરાવ તામ્બે, અમાત્ય ચક્રવર્તી પેશવાના રાજ્યમા મામલતદારના હોદ્દાપર હતા. અને તેનો પુત્ર એટલે લક્ષ્મીબાઇના દાદા બલવતરાવ તામ્બે પેશ્વા સરકારના સેનાપતિ પદપર ચડયા હતા બલવતરાવના બે પુત્રમાથી તેના જ્યેષ્ઠ (મોટા) પુત્ર મોરોપત પોતાના પિતા સાથે પુનામા રહેતા હતા કે જેઓ ઉપર બાજીરાવ પેશ્વાના ભાઇ ચિમાજી આપ્પાનો બહુજ પ્રેમ હતો ઇ સ ૧૮૧૮ ના જૂન મહિનાની ૩ જી તારીખે દ્વિતીય મહારાષ્ટ્ર યુદ્ધની સમાપ્તી થઈ અને પેશ્વા બાજીરાવે બ્રીટીશ સેના નાયક માલકમનુ શરણ સ્વીકાર્યું સધિ પ્રમાણે બાજીરાવે રાજનો ત્યાગ કરી વાર્ષિક આઠ લાખ રૂપીયાનુ પેન્શન લઇ વાનપ્રસ્થ લીધુ ગવર્નમેંટે બીઠુર (બ્રહ્માવર્ત) મા તેને એક જાગીર આપી અને બાજીરાવે સહપરિવાર ત્યા જઈ વાસ કર્યો.

બાજીરાવ પૂના છોડી બીઠુર જતા, ચિમાજી આપ્પાએ કાશીવાસ કર્યો અને તેજ વખતે તેનો પ્રીતિપાત્ર મોરોપત તામ્બે પણ સહપરિવાર તેની સાથે કાસીવાશી થયો કે જ્યા તે ચિમાજીના દીવાનનુ કામ કરતો અને ઉપર જણાવ્યા પ્રમાણે ત્યાજ લક્ષ્મીબાઇનો જન્મ થયો કે જેનુ પિયરમા મનુબાઇ *નામ પાડવામા આવ્યુ. મનુ ૩-૪ વર્ષની થતા જ તેની માતાનો સ્વર્ગવાસ થયો અને તેજ અરસામા ચિમાજી આપ્પાનો પણ દેહાન્ત થયો તેથી મોરોપતે કાશી છોડી બીઠુર જઈ બાજીરાવનો આશ્રય લીધો બાલીકા મનુની રમતો અને અભ્યાસ એ તેના

---

* મહારાષ્ટ્રમા રીવાજ છે કે લગ્ન પછી કન્યાનું નામ બદલવામા આવે છે. મનુ ને સાસરાની લક્ષ્મી.

ભવિષ્યજીવનની સૂચના હતી. પેશ્વા બાજીરાવનો તેના તરફ સ્નેહ હતો. મનુ સદા બાજીરાવના દત્તક નાનાસાહેબ તથા તેના ભાઇ રાવસાહેબ સાથે રમતી તેઓ ઘોડે ચડતા પોતે ઘોડે ચડતી, તેઓ તલવારના પટ્ટા ખેલતાં પોતે તલવારના પટ્ટા ખેલતી કોઇ કોઈ વાર સાહેલીઓને ભેગી કરી તેમાની કેટલીકને દાસી બનાવતી, કેટલીકને અધિકારી નીમતી, અને કોઇ તેનો હુકુમ ન માનતા તેને દડ અને સજા કરતી ભવિષ્યની રાણી આવી રીતે બાલપણમાજ રાણીપદનો પાયો રોપતી અને ભાઈબીજને દિવસે નાનાસાહેબને તિલક કરી તેની આરતી ઉતારતી દુર્દૈવી ભાઈ બ્હેન, આખરે બન્નેની એકજ દશા

બાજીરાવના અનુરોધથી ૧૮૪૨ ના વૈશાખ મહિનામા ઝાંસીના મહારાજા ગગાધરરાવ સાથે ૮ વર્ષની બાલિકા મનુબાઈના લગ્ન થયા અને સાસરે તેનું નામ લક્ષ્મીબાઇ પાડવામા આવ્યુ મોરોપત ઝાસી સસ્થાનનો એક સરદાર બન્યો.

ઝાંસીનો રાજવશ

એ મૂળમા પેશ્વાનો આશ્રિત રાજવશ હતો પરતુ જ્યારે કુપની સરકારે પોતાની સત્તા બુંદેલખડમા જમાવવા માડી ત્યારે ઇ સ ૧૮૧૭ મા તે વખતના ઝાસીરાજ રામચદ્રરાવ સાથે બ્રીટીશોએ પહેલી સધિ કરી અને તે સધિપ્રમાણે તેમને વશપરંપરા ઝાસીના હકદાર માલિક તરીકે ગણવામા આવ્યા. ઇ સ ૧૮૨૫ મા જ્યારે લૉર્ડ કોબરમિયરે ભરતપુરના કિલ્લાને ઘેરો ઘાલ્યો ત્યારે મધ્યભારતમાના નાના પડિત નામના એક સરદારે વખતનો લાભ લઈ કાલ્પી સર કરવા મોટા સૈન્ય સાથે હુમલો કર્યો હતો તે વખતે મિત્ર તરીકે ઝાસીરાજ રામચદ્રરાવે ૪૦૦ ઘોડેસ્વાર ૧૦૦ પાયદળ અને ૨ તોપ સાથે કુપની સરકારને મદદ કરી, કાલ્પીનુ રક્ષણ કર્યુ હતુ, અને તેના બદલામા હિન્દના ગવર્નર જનરલ લાર્ડ વિલિયમ બેન્ટીકે ઇ સ ૧૮૩૨ ની ૧૫ મી ડીસેમ્બરે ઝાસી રાજભવનના ખુલ્લા દરબારમા રામચદ્રરાવને મહારાજનો ખીતાબ તથા છત્રચામર વિગેરે રાજચિહ્ન અર્પણ કર્યા હતા. તેઓ ઇ. સ ૧૮૩૬ મા મરણ પામ્યા.

ઝાંસી દરબારનું વંશવૃક્ષ.

મૂળપુરૂષ
પહેલા રઘુનાથરાવ

- ખંડેરાવ
  - હરિભાઉ
    - કાશીનાથ
  - સખારામ
    - વાસુદેવ
      - આનંદરાવ ઉર્ફે દામોદરરાવ (ગંગાધરરાવના દત્તક)
- દામોદરરાવ
  - હરિપંત
    - (૧) બીજા રઘુનાથરાવ { ઝાંસીના પહેલા સુબેદાર }
    - (૨) શિવરામભાઉ
      - કૃષ્ણરાવ
        - (૩) રામચંદ્રરાવ { કંપની સરકારે આને મહારાજ-ની પદવી તથા રાજચિહ્ન આપ્યાં. }
      - (૪) રઘુનાથરાવ
      - (૫) ગંગાધરરાવ (લક્ષ્મીબાઈના પતિ)
        - દામોદરરાવ (દત્તક)
    - લક્ષ્મણરાવ
      - લાલાભાઉ
  - સદાશિવપંત
    - ત્રિંબકરાવ
      - નારાયણ
        - સદાશીવ (લક્ષ્મીબાઈના વિરોધી)

રામચંદ્રરાવને પુત્ર ન હતો એટલે તેનાં મૃત્યુ પછી તેના કુટુંબમાથી ૪ (ચાર) દાવાદારો ઉભા થયા તેમાં ગવર્નર જનરલના એજંટે રામચદ્રના પિતૃવ્ય રઘુનાથરાવને અધિકારી માની ઝાસીની ગાદી આપી. પરતુ ત્રણજ વર્ષમા પોતાની પાછળ પુત્ર ન મુકતા રઘુનાથરાવનો પણ દેહાત થયો.

ઈ સ ૧૮૩૮ મા વળી દાવાદારોનો ઝગડો ઉભો થયો આ વખતે ગવર્નર જનરલ લૉર્ડ ઓકલડે એક કમીશન નીમ્યુ આ કમીશનના મેમ્બરોએ પોતાની તપાસમા રઘુનાથરાવના ભાઈ ગંગાધરરાવને ખરો હકદાર જણાવતા બ્રીટન ગવર્નમેન્ટે તેને ઝાસીનો હકદાર બનાવ્યો. આ ગગાધરરાવ તેજ લક્ષ્મીબાઈના પતિ આ ગગાધરરાવ તેજ છેલ્લા મહારાજ. આ ગગાધરરાવ પણ રામચદ્રરાવ તથા રઘુનાથરાવ પ્રમાણે અપુત્ર જ હતા જો કે લક્ષ્મીબાઇને એક પુત્ર જન્મ્યો હતો પણ તે જન્મતાજ મરણ પામ્યો અને ઈ સ ૧૮૫૩ મા ગગાધરરાવ બીમાર થતા ફરી હકદારનો ઝગડો ન જાગે માટે મહારાજ ગગાધરરાવને પોતાના પિત્રાઈ વાસુદેવરાવના પુત્ર આનદરાવને દત્તક લઈ તેનુ નામ દામોદરરાવ પાડ્યુ ત્યાથી આપણા નાટકની શરૂઆત થાય છે.

ઝાંસીકી રાની.

અંક પહેલો.

ઇશ્વર સ્તુતિ થયા બાદ.

પ્રવેશ પહેલો—મહારાજ ગંગાધરરાવ પોતાના પિત્રાઇના એક બાળકને ઝાંસીના એસીસ્ટંટ પોલિટિકલ એજંટ મેજર એલીસની રૂબરૂ દત્તક લે છે તથા વડી સરકારપર મોકલવાનો ખલીતો એલીસને આપી તેને લક્ષ્મીબાઇ તથા બાળકની ભલામણ કરે છે. ત્યા ગાદીનો ઉમેદવાર સદાશીવ નારાયણ છંછેડાએલો દાખલ થાય છે. એલીસ તેને કલકત્તાની રાહ લેવાનુ કહી તોફાન કરતો અટકાવે છે

પ્રવેશ બીજો—સ્વભાવથી જ અગ્રેજોપર ક્રોધે બળતા રાવ- સાહેબ અને તાતીયાટોપી મોરોપતને ઉશ્કેરવાની કોશીષ કરે છે પરતુ રાજનિષ્ઠ મોરોપત તેને દાતતોડ જવાબ આપી ચાલ્યો જાય છે એટ- લામાં ઉશ્કેરાએલો સદાશીવ દાખલ થાય છે તેને તેઓ પોતાનુ હથિઆર બનાવે છે ત્યા સિપાહી આવી મહારાજા ગગાધરરાવના મૃત્યુના સમા ચાર આપે છે જે સાભળી રાવસાહેબ તથા તાતીયા ટોપી રાજમહેલ તરફ જાય છે સદાશીવની ભલી સ્ત્રી માયા સદાશીવને પાપકાર્યથી રોક- વાને સમજાવે છે પરંતુ સ્વાર્થાન્ધ સદાશીવ તેનો પણ તિરસ્કાર કરી ચાલ્યો જાય છે.

પ્રવેશ ત્રીજો—અહિયાથી કોમીકની શરૂઆત થાય છે એક પગ ઘરમા અને એક પગ કબરમા, એવા રાજાસાહેબ ત્રણ બાયડીના મરણ પછી ચોથી લાવેલી રાણીની માસીઆઈ બેહેન ચમેલીપર આશક પડે છે અને પોતાના છોકરા તથા પૌત્રની સામે ફજેત થાય છે.

પ્રવેશ ચોથો—વડી સરકારનો ખલીતાનો જવાબ ઝાંસી ખાલસાનો હુકમ. દરબારીનું ઉસ્કેરાવુ પણ લક્ષ્મીબાઇ તેઓને શાંત કરે છે

પ્રવેશ પાંચમો—ચમેલી રાણી પાસે રાજાની બેવકુફીની ફરિયાદ કરે છે અને રાણી ન માનતા તેને રાજાની બેવકુફી નજરોનજર બતાવે છે

પ્રવેશ છઠો—લક્ષ્મીબાઇ દત્તક દામોદરરાવને જનોઇ દેવા માટે એક લાખ રૂપીયાની માગણી કરે છે માગણીનો ઇન્કાર. એલીસ પોતે મદદ કરવાનુ વચન આપે છે.

પ્રવેશ સાતમો—સદાશીવને જાસુસ તરફથી બળવાની ખબર તેમજ મોરોપત મારફતે રાણી અંગ્રેજોને કીલ્લામા અનાજ પુરૂં પાડે છે એમ જણાવવુ

પ્રવેશ આઠમો—અનાજ પહોચાડવા જતા મોરોપતને સદાશીવ પોતાના મદદગારોની મદદથી ઘેરે છે વખતસર એલીસ તથા લક્ષ્મીનુ આવી પહોચવુ અને ભ્રમમા પડેલા સિપાહીયોને સીધે રસ્તે દોરવા. સિપાહીયોના જવા બાદ બે બળવાખોરો છુપાઇને લક્ષ્મીબાઇ તથા એલીસ પર નીશાન તાકે છે તેટલામા માયા આવી પહોચી તે બેઉને બચાવે છે.

(સીન ટ્રાન્સફર)

ઝાસીનો કિલ્લો–યુદ્ધ–અને કિલ્લાનુ તુટવુ.

(સીન ટ્રાન્સફર)

ટેબ્લો

અંક બીજો.

પ્રવેશ પહેલો—ઝાસી ઉપર ચઢી આવેલા ઓરછાના દિવાન નથ્થેખાની રાણીને ખબર. લક્ષ્મીબાઇનુ યુદ્ધપર ચઢવુ.

પ્રવેશ બીજો—કેદ પકડાએલો સદાશીવ જેલ તોડી નાસી જાય છે

પ્રવેશ ત્રીજો—બુઢ્ઢા રાજાને ઠગવા, રાણી પોતાના ખોટા મરણની ખબર ફેલાવવાની યુકતી રચે છે

પ્રવેશ ચોથો—રાણી લક્ષ્મીબાઈથી સીકસ્ત પામેલો નથ્થેખા પોતાની નીચતા છુપવવા તે બાબતની ખબર લઈ જતા લક્ષ્મીબાઇના જાસુસને કેદ કરી તેનો ખલીતો ફાડી નાખે છે અને લક્ષ્મીબાઈ બળવાખોર થઇ છે એવી ખોટી ખબર માણુસ મારફતે એજન્સીમા મોકલાવે છે.

પ્રવેશ પાંચમો--નથ્થેખાએ મોકલેલી ખોટી ખબરથી ઝાંસીપર ચઢી આવેલા સર હ્યુ રોજ તરફથી ખલીતો લઇ એલીસ આવે છે અને થઇ ગયેલી સમ ફેરનો ખુલાસો કરવા વગર હથિયારે સર હ્યુરોજ પાસે આવવાં લક્ષ્મીબાઇને સમજાવે છે પણ સાધુવેશે રહેલો સદાશીવ આ વગર હથીયારે બોલાવી કેદ કરી લેવાની તે લોકોની યુક્તિ છે એમ કહી દરબારીયોને ઉશ્કેરે છે લક્ષ્મી બળવાઇ તરીકે ખુલ્લી પડે છે સહૂ જતાં દામોદરરાવને સુતેલો જોઇ સદાશીવ તેનુ ખૂન કરવાનો વિચાર કરે છે પણ વખતસર માયા આવી પહોચે છે અને દામોદરરાવને બચાવી લેય છે.

પ્રવેશ છઠ્ઠો—રાણીએ ઉઠાડેલા પોતાના મરણના ખોટા ખબરથી આનંદમા આવી ગયેલો બુઢો, પોતાના છોકરાનુ માગુ કરવાને બદલે પોતાનુંજ માગુ કરી ચમેલીને પરણવા તૈયાર થાય છે તે માટે બાપ દીકરા વચ્ચે તકરાર.

પ્રવેશ સાતમો—એલીસ અને રીચમેન્ડ. એલીસને શકપરથી નજર કેદ રહેવાનો હુકમ.

પ્રવેશ આઠમો—સર હ્યુરોઝની ઝાંસીપર ચઢાઇ. ઝાંસીનું પડવુ. લક્ષ્મીબાઇનું ભાગવુ મોરોપતનુ મૃત્યુ.

(સીન ટ્રાન્સફર.)

લક્ષ્મીની પુઠે પડેલુ લશ્કર વફાદાર ઘોડો ખાઇ કુદી લક્ષ્મીબાઇને બચાવી લે છે.

અંક ત્રીજો.

પ્રવેશ પહેલો—ગ્વાલીયરની ફતેહથી મદમા આવી ગયેલા રાવસાહેબ વીશે બ્રાહ્મણો વચ્ચે વાતચીત.

પ્રવેશ બીજો—આનંદ અને જલસાના પડેલો રાવસાહેબ. સર હ્યુ રોઝ ગ્વાલીયરપર ચઢી આવ્યાની ખબર. પરંતુ મસ્તમા બેફામ થએલાની બેદરકારી ત્યા લક્ષ્મીબાઇ આવી બેહોશને હાથ ઝાલી લડાઇના મેદાનમા લઈ જાય છે.

(સીન ટ્રાન્સફર)

લડાઈમા સાહેબનુ પીઠ બતાવી ભાગવુ, વીરાંગના લક્ષ્મીબાઈનુ ઘાયલ થવુ, દામોદરરાવને માયને સોપી લક્ષ્મીબાઇનુ મરણ અને તેનો અગ્નિસસ્કાર

પ્રવેશ ત્રીજો—જાનને જમ્યાનો લોભ અને વરને કન્યાનો લોભ.

પ્રવેશ ચોથો—બુઢ્ઢા રાજાની ફજેતી બાપ દીકરાની લડાઈમા બે વાદરા લડે ત્યા બીલાડી ખાય તે ન્યાય પ્રમાણે ગુલાબ ચમેલીને પરણી જાય છે ત્યા કોમીકનો અત આવે છે

પ્રવેશ પાંચમો—ઇદોરના રેસિડેન્ટ રીચમેન્ડ શેકસપીઅર પાસે માયા દામોદરરાવને લઇ દાખલ થાય છે. એલીસ થએલી ગેરસમજુતીનો ખુલાસો કરે છે રીચમેન્ડ સરકારને કહી દામોદરરાવને પેન્શન બધાવી આપવાનુ વચન આપે છે

(સીન ટ્રાન્સફર)

સ્વર્ગથી રાજી થતા અને આશીર્વાદ વર્ષાવતા લક્ષ્મીબાઇનું દર્શન.

ડ્રોપ

ૐ શાંતિ. શાતિઃ શાતિ

નાટકના પાત્રો.

પુરૂષ વર્ગ.

ગંગાધરરાવ . . . . ઝાસીના છેલ્લા મહારાજ.
દામોદરરાવ ... . ગંગાધરરાવનો દત્તક પુત્ર.
નાનાસાહેબ . . . . બાજીરાવપેશ્વાનો દત્તક પુત્ર
રાવસાહેબ .. . . . નાનાસાહેબનો ભાઇ
તાત્યા ટોપી... .. .. ,, સેનાપતિ.
મોરોપંત . .. લક્ષ્મીબાઇના પિતા
સદાશીવ . .. ગંગાધરરાવનો પિત્રાઇ
મેજર એલીસ . .. ...ઝાસીના આ પો એજંટ
રીચમંડ શેકસપિયર . ઇંદોરના રેસીડંટ.
હેસ્ટી..... . . } લૉર્ડ ડેલહાઉસી, માલકમ, સ્કીન વિગેરેના સંદેશા પુગાડનારૂ પંજી પાત્ર
રાજા ... .ગામવગરનો ચકરમ રાજા
ગોપાલરાવ .. ..તેનો પુત્ર.
ગુલાબરાવ....... . . . . ગોપાલનો પુત્ર.
બબુવો............. ....રાજાનું પુછડું.

સ્ત્રી વર્ગ

લક્ષ્મીબાઇ . . ..ઝાસીની વીરાંગના રાણી
માયા . . . . સદાશીવની ભલી સ્ત્રી.
રાની . . ચકરમ રાજાની ચોથી સ્ત્રી
ચમેલી ....રાનીની માશીઆઈ બહેન.

વિગેરે વિગેરે વિગેરે.

સ્થળ—બુંદેલખંડ અને ગ્વાલિયર જીલ્લો.

ઝાંસીકી રાની.

મંગલાચરણ

—:o:—

ગાયન

૧

સુત્રધાર
બાળાઓ } —

શ્રીકાન્ત પ્રણુમુ ચરન.
શાંતી દાતા સંકટ હરેન
દયાકી દૃષ્ટી જગપર છાઈ
સબ જન મહિમાતેરી ગાઈ
આપ વિરદ તારન તરન
ચહેં હમ સબ સુખદ શરનઃ —ટેક૦

૨

બાળાઓ—

ધન્ય ધન્ય ભારતકે વીરનર વીરાંગનાનારી
દેશકે સપૂત સંસારી·—ટેક૦
જહા કર્મવીર રઘુવર સમ હિતકારી
જહા ધર્મવીર ગૌતમ સમતાધારી
જહા વીર ચંડીકા ભારત પુત્રી દુષ્ટ દલનહારી
સત્યરતી સીતા સનારીઃ—ટેક૦

३

સખીઓ—

આવો આવો સખી દેખો કયસા આનદ હય છાયા
જયમેં દનોના દેવકી જાયા નદકે ઘર આયા:— ટેક૦

દોહા

ધાન્ય સીચકે સગ સખી સ્વર્ણ કલશ જલધાર
દુગ જમાયે આગના મગન મય ઉપચાર
જુગ જુગ જીવે રાજ દુલારા પ્યારા — ટેક૦

૪

દામોદરરાવ—

જો રાજા રૈયતકો અપના તન જાને
જો રૈયત કે હિતમે અપના હિતમાને — ટેક૦
ધર્મ નિતિ ઉર આને, ઉસે જગ દેવહી માને
રામચદ્ર હરીશ્ચદ્ર જનક મનૂ
કૃષ્ણ ભિષ્મ પાડવને સદ નીતિ માર્ગ દીખાયા
બીકૃમ પર દુખભજન જગજાને — ટેક૦

૫

ગવૈયા —

કઓન ગત ભઈ પીયા ન પુછે એક બાત
એકબન દુઢા સકલ બનબન
એ માઈ કારે ગરે હાર

૬

સહેલીઓ—

નટવર નદજીકે લાલ રાસ ખેલનમે મેરી નથની ગઈ
મ યતો ઢુઢત હાર ગઈ (૨) —રાસ૦
લોગ કહે તુમ્હે દીન થોડુ કસ કે હો કાલ
બાહપકર મેરી ઝકઝોરી અયસે નીઠુર ગોપાલ — નટવર૦

ખીંચત સારી ઢીટ અનારી ઔર કહાવત બાલ
કચુકી કસ છોરત હય અરૂ ચુમત મોરે ગાલ (૬) -નટવર

૭

માયા—

નાહીં છોડુગી મંય નીતિ ન્યાય.
કોઇ બીપદ આવે પર
નહી સત્ય ધરમ સત્ય કરમસે ટલુ, ચાહે જાન જાય :—ટેક૦
અપની કહત કછુ ન સુમત ઠાનન નીત બયરભાવ
તજુ કયુ મયં પીર અપની ડગર -સત્કરમ.

૮

ચમેલી—

દેખો મેરે જોબનકી કૈસી બહાર હૈ
જો આંખેં હૈં નરગીસતો છતીયા અનાર હૈ
ગાલોંકી લાલીપે સદકે ગુલાબ હૈ
મેરી કૈસી રંગીલી હૈ શાન
કોઇ દેખેયે આન, કરે તન મન કુરબાન,
અયસા આયા જોબનકા ઉભાર હય :-ટેક૦

૯

ગુલ.બ—પ્યારી તેરી આંખોમેં કયસા ખુમાર હય
ચમેલી—પીયારે તરહદારપે જીયા મેરા નીસાર હય
કાહે બનાઓ શરમાઓ લજાઓ જાની
તેરે નૈનાકી લાગી કટાર દીલદાર
ગુલાબ—દીલબર પ્યારી મનહરનારી હમારીતું :-ટેક૦

૧૦

ગોપાલ—મારૂં ઘુસ્સા
રાજા—અરરરરર.
ગુલાબ—નીકલે ભૂસા.
બબુચો—ઉપરસે જુતી લગે હોચાર.

ગુલાબ—કહાં નજર લગાઈ બુલબુલ.
ગોપાલ—મત ગભરાઓ રશ્કે ગુલ.
રાજા—એ ગુલ હય તો મય બુલબુલ.
બબુવો—વાહ વાહઃ વાહઃ :-ટેક

રાજા—મુઝસા નૌશા બાંકા તીરછા ઢુંઢોગે પર કહીં ન પાઓ.
ચમેલી—બુડ્ઢેપનમે યે ઇલ્લત રખતે કુચ્છતો દીલમેં શરમાઓ
ગોપાલ—બુઢ્ઢે ખુસટ જલ્દી મરકે. અબ તુમ તો સમશાનમે જાઓ
બુડ્ઢા—મરતે દમના છોડુંગા ચમેલી મેરીજાં બેટા બબુવા, કયુ ઠીક હય
બબુવા—જી હાં. ના ! -ટેક૦

૧૧

નાચનારીઓ—

પનઘટવા મય કયસે જાઉં સખી
ધીટ લગરવા રોકત ટોકત કયસે નજર બચાઉ હા સખી. -ટેક૦

દોહા.

આખ રસીલી મદભરી તાપર અંજન સાર
તનબેધે મન છીનલે. મોહન જાદુડાર
લાજ ન રાખે એકહુ ન માને જીત દેખો ઉતઠારો
મારે કંકરીયા, ફોરે ગગરીયા મંય મુગ્ધા શરમાઉ હાસખીઃ-ટેક૦

૧૨

ચમેલી—

એ...તોરે નયનાને જાદુ ચલાયા લુભાયા પ્યારે સાજના
તુમબીન બાલમા જીયા કલપાએના
પીયા પ્યારે દરસ દીખલાઓના -ટેક૦
પ્યારી સૂરત દીખલાઇએ, મેરે દીલકે કરાર, મેરી જાન.
મય હુ કુરબાન. તોપે હરઆન
બાકીતોરી શાન પ્યારે દિલજાન જીકે અરમાન.
આઓ મીલ જાઓના મોહે તરસાઓના. :-ટેક૦

૧૩

રાની—બુઢ્ઢી ઘોડી એ લાલ લગ્રામ ધૂલ પડી
રાજા—જહાં રગ જમા કે યે હાય આન ખડી
બબુવો—જયસે સોનેમે લોહેકી યારો કીલ જડી
ગુલાબ—બુઢાપેમેં ફજેતી યે હાય લાનત પડી
રાજા—મરકર કહાંસે આઇ મેરી ખાલા
ચમેલી—નીકલે ઇશ્કા મુરદા બારીતાલા
રાજા—મારો ના તુમ મય હું નાજો પાલા
ગુલાબ—આઈ નાની તમયે મતલબ ટાલા
રાજા—ભોલાભાલા, મય હું બલા,
બબુવો—વાહરે બાલા, મોહન લાલા.
રાની—તેરા હો મુહ કાલા
ગુલાબ—બુડહેબાવા અમતો સુધરો મુહપર કાલીખ આયેગી કયુ
રાજા—બચપનકી યે આદત પડ ગઈ ધીરે ધીરે જાયેગી ?
બબુવો—જી હા .—ટેક૰

૧૪

સખીઓ—

એ .મહિમા હય સબજગ રામનામકી
ચિતમે રાચે નેહા લાગે મનપરસે .—ટેક૦
ધ્યાન ધરે અખીયાં છબ નીરખે
જપે નામ માઇલ હરખે—નેહા લાગે .—ટેક૦

અંક બીજો.

૧૫

રાની—

લાજ રખો, પ્રભુ હમ તુમરી શરન.
સુધ બુધ બીસર ગયો હમરો મન :—ટેક૦
રાજકો બોજહય સીરપરભારી
પાસ કો અનુકુલ ન સાધન. :—ટેક૦

૧૬

રાની—

મારૂં દુશ્મનકો રહેજનકો લુગીજાન
કહેદે જાકે અપ્ગરસે ખ જરસે જનધારસે ખુ મરસે —ટેક૦
દેખુંગી મકકારો તુમ્હે તે ડુગી સર અધ્યારો
ચીરૂ સીના જાનલુ મય પાપીકી.
તલવારસે દેખુ ગી બદગૌહર તેરા જઓહર પાપી — ટેક૦

૧૭

ચમેલી —

બાલે જોબનાપે ડાયો નજરીયાના
બેજાર કરોના
ગુલાબ— આવોજી ડરોના :—ટેક૦
પ્રેમપીયાલા દિખલા કર ફિર નાહક કયુ તરસાના હો
ચમેલી—
થોડા પીના પેટ ન ભરના વરના બૈદ બુલાના હો
તાને દેકર હમકો ના તડપાના
ગુલાબ— હમકોભી ના કલ્પાના
ચમેલી— ચલો જાવોજી જાઓ નટખટ
ટુટી બૈયા મોરી કલૈયા ધરોના :—ટેક૦

૧૮

હાસીયાં—

રાજા મોરે થારો મુખડો ચંદા જયસો પ્યારો લાગે (૨)
ગોરા રૂપ રસીલા—

દોહા.

રાજકુંવર અલબેલડા સુંદર ચંદ્રસમાન
શાંતી દાયક ચિત્તકા પ્યારા જીવન પ્રાન —ટેક૦

૧૯

રાજા—ઘોડા મંગાઓ
બબુવો—ગધા મગાઓ
રાજા—દુલહન સજાકે લાઓ દુલહા તૈયાર હય .—ટેક૦
મંગલ ગીત ગાઓ જાઓ મંડપકો ગરજાઓ
બબુવો—મંડપકી લકડીસે પિતા બનાઓ જાઓ
રાજા—પડધર્મ મંગાઓ લાઓ, બયુગલ બજાઓ આઓ,
બબુવો—બાજે ગાજે ગીરવી હય એ ભેરી બજાઓ :—ટેક૦

અંક ત્રીજો.

૨૦

બ્રાહ્મણો—ર.

હલવા ખાયેં લડુ ખાયે
દુધમલાઈ મીઠાઇ જલેબી ખાએગે
બરફી પેડા શક્કરપારા
હલવા સોહન ખજલા ખુરમા
દુધપાક પુરી રબડી ખાજા
ઔર સેવ સમોસા હો તાજા
ખુબ હાથ ચલે ઔર પેટભરેં
ચલો ચલનેમેં કયો દેર કરે:— ટેક૦

૨૧

નાચનારી—

શેર.

કસમ ખુદાદી મેનુ સોના લગને તેઇ વેકરનય જોર તીગાને
નાજુક બદન તે મારે છમકા મેરે રોદે નયન નીમાને
જયસી વેતન મેરે લગી તેનુની લગેતો તૂ જાને
જાન મોહમદા દીલ એથે દેય જીથ્થે અગલાવી કદર પછાને
હો ન ઇશક દીયા ગલ્લાની બદલે રાજનદે
ઇશક સુખલડા લોકા ભાને જીસતન લાગે સોતન જાને—
રે દીયા બોત નીસલ્લાની બદલે રાજનદે—ટેક૦
આપતો દુર ચલયુ વે રાન્જા તખત હજારેનું
મગર ફીસનુવે ધલ્લાની બદલે રાજનદે—ટેક૦

૨૨

ારતોં સબ—

સજની મડપ છાયો આગના
આજ બધાઇરે ગાઓ મગલરાગ

મંડપ છાયો અંગના—

દુલહા દુલહન દોનો સુહાવને

જોડી સજતીરે વાકો અખંડ સુહાગ—મંડપ

૨૩

સબ

ઉલઝન સુલઝન સુલઝી સારી ગાઓ મુબારકબાદ.

સજતી જોડી મીલ ગઇ વાકો રામ રખે આબાદ

ગુલાબ—જો લિચાહી, દુલહન પાઈ, મનકી ભાઈ, હય બર આઈ;

બબુવો—હિલમીલ સબ ખુશીયાંમે મગન યે લટક ગયા બુડહા,

રાજા—તુભી રહા, મ યાભી રહા, યે ટપક પડા,

ચમેલી—દાદા પૌતી મય તુમ્હારી,

બબુવો—યે તુમ્હારીમાં;

સબ—છોડો મે અબ ગીલાકી બાત,

ચમેલી—આ ઓ મીલાઓ હાતમે હાત,

સબ—હીલકે મીલકે નાચો ગાઓ આઈ બર મુરં—

Printed by D R Mitra at the Manoranjan Press 3 Sandhurst Road, Bombay 4, and Published by MIRZA, M CASSAMBHAY Proprietor the New Imperial Natak Mandali, Grant Road, Bombay